# સાબરકાંઠામાં મેઘરાજાનું આગમન : પાકને જીવતદાન

## પોશીનામાં ૩, હિંમતનગરમાં પોણા ત્રણ, ઈડરમાં ૨ તથા અન્યત્ર એક ઈંચથી વધુ વરસાદ

## વરસાદ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી : વરસાદથી અનેક ઠેકાણે પાણી ભરાયા

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લામાં ખાસ્સા દિવસો બાદ શુક્રવારે ધીમીધારે વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક અનુભવાઈ હતી.



મેઘરાજાએ આગમન કરતા પાકને જીવતદાન મળી ગયુ છે. દરમિયાન શુક્રવારે વહેલી પરોઢથી સાંજે ચાર વાગ્યા સુધી જિલ્લામાં એકંદરે એકથી ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો. જોકે વરસાદને કારણે નાના તળાવો તથા મોટી નદીઓમાં નવા નીરની આવક ખથવા પામી નથી તેમ છતાં લોકો વધુ વરસાદ પડશે તેવી આશા રાખી રહ્યા છે.

ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે સાબરકાંઠા જિલ્લામાં લોકોએ અસહ્ય ઉકળાટ અને વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો અનુભવ કરતા તેઓ ત્રાહીમામ પોકારી ગયા હતા. તો બીજી તરફ ગુરૂવારે રાત્રે અને શુક્રવારે વહેલી પરોઢે વાતાવરણમાં આવેલા અચાનક પલટા બાદ જિલ્લામાં વીજળીના કડાકા સાથે

તો બીજી તરફ શુક્રવારે સવારે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે જોરદાર વરસાદ શરૂ થઈ જતા એક કલાકમાં બે ઈંચ પાણી પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેના કારણે તે વિસ્તારોમાં રહેતા લોકોને અવરજવર કરવામાં મુશ્કેલી અનુભવવી પડી હતી. જિલ્લામાં શુક્રવારે આખો દિવસ વરસાદી માહોલ રહેવા પામ્યો હતો.

ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે વહેલી સવારથી સાંજના ચાર વાગ્યા સુધીમાં પોશીના તાલુકામાં ૭૮, હિંમતનગરમાં ૬૪, ઈડરમાં ૫૪, વડાલીમાં ૫૨, વિજનગર, તલોદ, પ્રાંતિજ અને ખેડબ્રહ્મા તાલુકામાં સરેરાશ ૨૫ મી.મી. થી વધુ વરસાદ પડતા જિલ્લાના તમામ વિસ્તારોમાં વાવેતર કરાયેલ કપાસ, મગફળી, અડદ, મગ, ડાંગર સહિતના કઠોળ પાકોને જીવતદાન મળી જતા જગતનો તાત એવો ખેડૂત વર્ગ આનંદવિભોર બની ગયો છે.

જોકે પ્રાંતિજ તાલુકાના પીલુદ્રા ગામે રહેતા કાનાજી ભવાનજી મકવાણાની ભેંસ પર વીજળી પડતા તેનું મોત નિપજ્યુ હતુ એમ ડીઝાસ્ટર વિભાગે ઉમેર્યુ હતુ. તે સિવાય અન્ય કોઈ જાનહાની થઈ નથી.



## પ્રાંતિજમાં મેઘરાજાનું આગમન

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ મેઘરાજાના રીસામણા બાદ મોડી રાત્રીએ હાજવીજ સાથે મેઘરાજાનું આગમન થતાં ખેડૂતો સહિત લોકોમાં ખુશી જોવા મળી. ચોમાસાની શરૂઆતથી જ ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ રીસામણાં લીધા હતા. સિઝનનો માત્ર માંડ ચારથી ત્રણ ઈચ વરસાદ પડ્યો હતો. ચોમાસું કોરું તથા દુષ્કાળના ડાકલાં વાગ્યાં હતા. લાંબા વિરામ બાદ સાબરકાંઠા જિલ્લા સહિત તાલુકામાં મોડી રાત્રીએ ગાજવીજ સાથે મેઘરાજાની અસીમકૃપા જોવા મળી હતી. મોડી રાતથી જ આકાશમાં કાળા વાદળો ધસી આવ્યાં હતા. રાત્રીના સમયેથી જ ધીમીધારે પડી રહેલ વરસાદથી મુર્જાતા પાકને નવું જીવનદાન મલ્યુ છે. ધરતી પુત્રો, પશુ-પંખીઓ સહિત લોકોમાં ખુશી જોવા મળી હતી.

# અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં મેઘગર્જના સાથે સાર્વત્રિક મેઘમહેર

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં મેઘગર્જના સાથે સાર્વત્રીક મેઘમહેર થતાં મુરઝાતા ખેતીના પાકો જેવા કે કપાસ, મગફળી, મકાઈ, તુવેર, અળદ, સોયાબીન સહિત વિવિધ પાકોને જીવતદાન મળતાં ખેડુતો ખુશખુશાલ જોવા મળી રહ્યા હતા. માલપુરમાં આભ ફાટ્યું તેમ એક કલાકમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો. અરવલ્લી જીલ્લા મથક મોડાસાના કસ્બા વિસ્તારમાં નદી કિનારે પશુ ચરાવતા યુવક ઉપર વીજળી ત્રાટકતાં યુવક સહિત ત્રણ ભેંસોના મોત નિપજ્યા હતા. ભિલોડા તાલુકાના કમઠાડીયા-સુરપુર ગામ પાસે અવકાશી વીજળી ત્રાટકતાં સાત ઘેટા-બકરાંના મોત નિપજ્યા હતા.

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં મેઘરાજાએ લાંબો વિરામ લેતાં ખેડુતો ચિંતીત હતા પરંતુ મેઘરાજાએ અણીના સમયે સાર્વત્રીક મેઘમહેર કરતાં ખેડુતો હરખાયા હતા. અસહ્ય બાફ અને ઉકળાટનું પ્રમાણ વધતાં આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ ધીમી ધારે મેહુલીયો મન મુંકીને વરસ્યો હતો.



ભિલોડામાં હાર્દસમા મેઈન બજાર વિસ્તાર અને રેસીડેન્ટ વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતાં વાહન ચાલકો અને રાહદારીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે.ભિલોડામાં હાર્દસમા રહેણાંક વિસ્તારો જેવા કે શાંતિનગર સોસાયટી, પંચરત્ન સોસાયટી, ઉમીયાનગર સોસાયટી, ત્રિભોવનનગર સોસાયટી, આનંદનગર સોસાયટી સહિત વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ઠેર-ઠેર ભરાતાં પ્રજાજનો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. કાદવ, કિચડનું સામ્રાજ્ય ફેલાતાં માખી, મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળો ફેલાય તેવી ભિતિ સેવાઈ છે.



ભિલોડા મેઈન બજાર વિસ્તારમાં વરસાદી પાણી માર્ગ ઉપર ભરાતાં માખી, મચ્છરોનો ઉપદ્રવ વધતાં વેપારીઓ, વાહન ચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. સામાજીક કાર્યકર રાજેશભાઈ પંડ્યા, કલ્પેશભાઈ ચૌહાણના જણાવ્યા મુજબ મેઈન બજાર વિસ્તારમાં દર વર્ષે ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ જાય છે. માખી, મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળો ફેલાય તેવી દહેશત ફેલાઈ છે. ભિલોડા મેઈન બજાર વિસ્તારમાં હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ભરાય છે ત્યારે સત્વરે યોગ્ય નિકાલ થાય તેવી આશા પ્રજાજનો સેવી રહ્યા છત્ર અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અસહ્ય બાફ, ઉકળાટ અને બફારાનું પ્રમાણ વધતાં પ્રજાજનો ત્રાહિમામ હતા ત્યારે સાર્વત્રીક મેઘમહેરના કારણે વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરતાં પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

## તલોદ-મજરા રોડ પર અકસ્માતમાં બાઈકસવારનું મોત

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના દોલતાબાદ પંથકમાં આજે થયેલા વાહન અકસ્માતમાં ક્ષત્રીય પરિવારના બાઈકસવારનું ભારે ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યુ હતુ. બાઈક ઉપર તેઓ તેમના પુત્રવધુ પાયલ અને પડોશી સ્વજનને લઈને મુધાસણાથી તલોદ હોસ્પિટલમાં આવતા હતા ત્યારે એકાએક બાઈક સ્લીપ ખાઈ જતાં આ અકસ્માત સર્જાયો હતો. જેમાં પાયલબહેન અને ભલસિંહ ભારે ઈજાઓનો ભોગ બનતાં તત્કાળ તેમને તલોદ અને ત્યાંથી ઉચ્ચ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી. તલોદ તાલુકાના મુધાસણા ગામના ભલસિંહ મહોબતસિંહ રાઠોડ અને બાબુસિંહ પુંજસિંહ રાઠોડ (ઉં.વ.આ. ૫૫) બાઈક નં. જીજે.૧૮.એકે.૭૧૧૯ લઈને તલોદ તરફ જવા નીકળ્યા હતા. બાલુસિંહના પુત્રવધુ પાયલબહેન સુરેશસિંહ રાઠોડને તલોદની હોસ્પિટલમાં સારવાર માટે લઈને તેઓ આવી રહ્યા હતા ત્યારે તલોદથી ૨ કિમીના અંતરે જ આ જીવલેણ અકસ્માત સર્જાયો હતો.

### સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના આંત્રોલી ગામની ઘટના

# દિકરા દ્વારા વૃદ્ધ વિધવા મા'ની ધારીયાના ઘા ઝીંકી હત્યા

તલોદ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના આંત્રોલી પૂંજાજી ગામમાં 'કળિયુગના શ્રવણ' સમા એક જુવાન જોધ નરાધમ દિકરાએ પોતાની જ વૃદ્ધ વિધવા માતાની ધારીયાના ઘા ઝીંકી હત્યા કરી દેતાં ચકચાર મચી જવા પામી હતી. પિતા, પત્ની અને મોટાભાઈના મરણ બાદ વૃદ્ધ માતા સાથે રહેતા રાવળ સમાજના આ યુવાને કોઈક અગમ્યકારણોસર આમ જનેતાની બે રહમ હત્યા કરી હોવાનું જાણવા મળેલ છે. આરોપી ઈસમને ખૂનના ગુનામાં ઉપયોગ કરેલ ધારીયા સાથે જ તત્કાળ તલોદ પો.સ.ઈન્સ. જે.એમ. પરમારને ઝડપી લઈ જેલમાં ધકેલી દી તપાસનો દોર જારી રાખેલ છે.

તલોદ તાલુકાના આંત્રોલી પૂંજાજી વાસના રાવળવાસમાં ૧૫મી ઓગષ્ટની વહેલી સવારે બનેલ આ ખૂનની ઘટનાની સિલસિલાબંધ વિગત એવી છે કે ગામના રાવળવાસમાં રહેતા સ્વ. ભીખાભાઈ નાથાભાઈ રાવળનો દિકરો દિનેશ (ઉં.વ.આ.૩૪) પોતાની વૃદ્ધ વિધવા મા શારદાબહેન સાથે રહેતો હતો. દિનેશના પિતા ભીખાભાઈ ૭ વર્ષ પહેલાં અવસાન પામ્યા હતા. દિનેશની પત્ની મીના ૫





વર્ષ પહેલાં અવસાન પામી હતી અને તેનો મોટો ભાઈ નટુભાઈ ૧૦ મહિના પહેલા અવસાન પામ્યો હતો. આમ છતાં વિધવા શારદાબહેનના પરિવારમાં દિનેશ એકલો જ હતો. જેથી તે બંને મા-દિકરો સાથે રહેતા હતા. તેમના મકાનના પાછળના ભાગે આવેલ એક મકાનમાં શારદાબહેનના દેરાણી કૈલાસબહેન ડાહ્યાભાઈ રાવળ પતિ અને પરિવાર સાથે રહે છે.

દિનેશની વૃદ્ધ માતા શારદાબહેન (ઉં.વ.આ. ૭૦) ગામમાંથી અનાજ માંગી લાવતા હતા અને તેમાંથી મા-દિકરો પોતાનો પેટનો ખાડો પુરી જીવનનિર્વાહ ચલાવતા હતા. પરંતુ કેટલાક સમયથી માતા શારદાબહેન ગામમાંથી ભીખ માંગીને લઈ આવેલ અનાજ દિકરો દિનેશ વેચી મારતો હતો અને તેમાંથી મળતા પૈસા થકી અમનચમન કરતો હતો. પરિણામે આ કુટેવ બાબતે તેને મા નો મળતો ઠપકો નહિ રૂચતાં અવારનવાર ઝઘડા કરતો હતો.

તા. ૧૫ ઓગષ્ટ ૨૦૧૮ બુધવારની વહેલી સવારના ચાર વાગ્યાના સુમારે થયેલા ઝઘડામાં ભારે આક્રોશમાં આવી ગયેલા દિનેશે તેની માતા શારદાબહેનના ગળાના ભાગ ઉપર ધારીયાના ઘા ઝીંકી દીધા હતા. ઝઘડામાં તેણે શારદાબહેનને ખાટલામાં પાડી દીધા હતા અને લોખંડી ધારીયાના ઘાતકી ઘા ઝીકી દીધા હતા. બેરહમ રીતે દિનેશે ઝીંકેલ ધારીયાનો ઘા શારદાબહેનના ગળા-ગરદનના લગભગ અડધો અડધ ભાગમાં ઉતરી જતાં લોહીની ધારાઓ છુટી હતી. અને મરણતોલ ચીસ સાથે વૃદ્ધ વિધવા શારદાબહેન ઘટનાસ્થળે ખાટલામાં જ કાળનો કોળિયો બની ગયા હતા.

વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે દિનેશે શારદાબહેન સાથે કરેલ તકરારના અવાજથી આગળના મકાનમાં રહેતા શારદાબહેનના દેરાણી કૈલાસબહેન જાગી ગયા હતા અને તેઓએ ઘરની બહાર નીકળી લાઈટના અજવાળામાં જોતાં દિનેશ શારદાબહેન સાથે ઝઘડતો જોવા મળ્યો હતો. જેઠાણી શારદાબહેનને બચાવવા કૈલાસબહેન ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા ત્યારે તેઓએ દિનેશને માતા શારદાબહેનને ખાટલામાં પાડી દઈ ધારીયાના ઘા ઝીંકતો જોયો હતો. જે દૃશ્ય જોતાં ગભરાઈ ગયેલ કૈલાસબહેન તેમના પરિવારજનો ભેગા દોડી ગયા હતા. પરંતુ ઘરે કોઈ પુરૂષ વર્ગ હાજર ન હોઈ હેબતાઈ ગયેલા રાવળ પરિવારના મહિલા વર્ગે મહોલ્લામાં ઉક્ત ઘટનાની જાણ કરતાં લોકો ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા. જ્યાં અત્યંત દયનીય હાલતમાં વૃદ્ધ વિધવા શારદાબહેન અંતિમ શ્વાસ પણ છોડી ચુક્યા હતા.

# પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઈ. અને વકીલ આમને-સામને

**વકીલ નશામાં ધૂત પી.આઈ.ની દબંગાઈનો ભોગ બન્યા હોવાની રાવ : વકીલ સામે ફરજમાં અડચણરૂપ બન્યા હોવાનો ગુનો નોંધાયો : વકીલની વ્હારે ચડતા ઠાકોર સમાજે એસ.પી.કચેરીનો ઘેરાવ કરી પી.આઈ.ને સસ્પેન્ડ કરવાની કરી માંગ**

પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઈ અને વકીલ ગત રાત્રે આમને-સામને આવી જતા મામલો ગરમાયો હતો. આ વિવાદ વધુ વકરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.



પાલનપુરના પ્રદીપ ઠાકોર નામના વકીલને ખાખી વર્દીનો કડવો અનુભવ થયો હતો. પોતાના ભાણીયાએ લવ મેરેજ કર્યા હોઈ વકીલ ગતરાત્રે પોલીસ પ્રોટેકશન માટે પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.કે.સોલંકી પાસે ગયા હતા. જ્યાં દારૂના નશામાં ધૂત પી.આઈ.એ મને માર મારી લોકઅપમાં પુરી દીધો હોવાના આક્ષેપો વકીલે કર્યા હતા. પી.આઈ.સામેની ફરિયાદ પણ પોલીસે લીધી ન હોવાનું વકીલ પ્રદીપ ઠાકોરે જણાવ્યું હતું. ઘટનાની જાણ થતા એસ.પી.પણ દોડી આવ્યા હતા. જોકે, એસ.પી.એ પણ ફરિયાદને બદલે સમાધાનની સલાહ આપી હોવાના આક્ષેપ વકીલે કર્યા હતા. એક વકીલ સાથે પોલીસે કરેલા દુર્વ્યવહારને પગલે વકીલો પણ પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા. ત્યારે બાર એશોસીએશન કેવું વલણ અપનાવે છે તે જોવું રહ્યું.

## ઠાકોર સમાજના ધરણાં

પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઈ અને વકીલ આમને-સામને આવી જતા મામલો ગરમાયો હતો. આ વિવાદ માં ઠાકોર સમાજ પણ મેદાનમાં ઉતર્યો હતો. ઠાકોર સમાજે કસૂરવાર પી.આઈ.ને



સસ્પેન્ડ કરવાની માંગ સાથે એસ.પી. કચેરીનો ઘેરાવ કરી ધરણાં યોજ્યા હતા. વકીલની પડખે દોડી આવેલા ઠાકોર સમાજે જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુલને આવેદનપત્ર આપી દબંગ પી.આઈ ને સસ્પેન્ડ કરવાની માંગ કરતા મામલો વધુ ગરમાયો હતો. જોકે, એસ.પી.એ ઘટતી કાર્યવાહી કરવાની ખાત્રી આપતા માંડ મામલો થાળે પડ્યો હતો.





## અંબાજી મંદિરે ૨ કિલો સોનુ ખરીદ્યું, ભાદરવી મેળા સુધી ૬૧ ફૂટનું શિખર પૂર્ણ થઇ જશે

શક્તિ ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી. આ ધામ અરાવલી પહાડોમા આવેલું માં અંબાનું તીર્થ સ્થળ છે. આ મંદિર પર ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા છે અને વહીવટી તંત્ર તરફથી આ મંદિરના ૬૧ ફૂટના શિખરને સુવર્ણમય બનાવવા માટે ગોલ્ડ મોનિટાઈઝેશન સ્કીમ શરુ કરવામાં આવી હતી. આ સ્કીમ દ્વારા અને માઈભક્તોના દાનથી આજે અંબાજી મંદિરનું શિખર ૬૦ ફૂટ જેટલુ પૂર્ણ થઈ ગયુ છે અને આવનારા સમયમા આ મંદિરનું સંપૂર્ણ શિખર સુવર્ણમય થઈ જશે અને આ તીર્થ ગુજરાત અને ભારતભરનું પ્રથમ શક્તિપીઠ ગોલ્ડન શક્તિપીઠ તરીકે જાણીતુ બનશે.

## વક્તાપુર ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

તલોદ, તા. ૧૭

સાબરકાંઠાના તાલુકા મથક તલોદ ખાતે અને તાલુકાના સંખ્યાબંધ ગામોમાં પણ ૧૫ ઓગષ્ટ ૭૨માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી શાનદાર રીતે સંપન્ન થઈ. તાલુકાના વક્તાપુર ગામની પ્રા. શાળા ખાતે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે તથા તલોદ નગરપાલિકા અને માર્કેટયાર્ડનું સંયુક્ત જનરલ ધ્વજવંદન તલોદ સેવા મંડળીના ચેરમેન બાબુભાઈ ગોપાળભાઈ પટેલે કર્યુ હતુ.

તલોદ ખાતેની સિવિલ કોર્ટમાં જ્યુડી. મેજી. ફ.ક.એમ. એફ.



પઠાણે ધ્વજવંદન કર્યુ હતુ. તાલુકા કક્ષાનો ધ્વજવંદન સમારોહ રણાસણ સ્કૂલમાં હતો. જ્યાં મામલતદાર એસ.એન. કટારાએ ધ્વજવંદન કર્યુ હતુ. નગરની શાળા-કોલેજોમાં શાળાના તેજસ્વી તારલાઓના હસ્તે, ટ્રિનિટી સ્કૂલમાં ડૉ. મુંગડના હસ્તે, વિવેકાનંદ સ્કૂલના સંચાલક મંડળ તથા સ્ટાફ પરિવારે, બહેરા-મૂંગા શાળા ખાતે તલોદ નગરપાલિકાના પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકીએ, તા.પં. કચેરી ખાતે તા.પં. પ્રમુખ ગીતાબહેન પરમારે તથા મામલતદાર કચેરી ખાતે નાયબ મામલતદાર મણુસિંહ પરમારે ધ્વજવંદન કર્યુ હતુ.

# વેસ્ટ કચરા પર સૂતેલા શ્રમિકને કચરા સાથે મશીનથી ઉઠાવી લેતા મોત

દાંતીવાડા હાઈવે રોડ પર આવેલ ઉમા પેપર મિલમાં રાજસ્થાનનો આદિવાસી યુવક મજૂરી અર્થે આવ્યો હતો અને છેલ્લા કેટલાક સમયથી પેપર મિલમાં મજુરી કરતો હતો. દરમ્યાન ગતરોજ પેપર મિલમાં વેસ્ટ કચરા ઉપર સૂતો હતો ત્યારે કચરો ઉપાડવા માટે આવેલું ટ્રેક્ટરનું લોડર મશીન કચરો ઉપાડવાની સાથે સાથે મજૂરને પણ ઉઠાવી લેતા તેનું મોત નિપજ્યું હતુ.

આ અરેરાટીભરી ઘટનાની વિગત એવી છે કે દિલીપ જીવાભાઈ ડામોર (આદિવાસી) (રહે.પીપલપાળા,કુશલગઢ, રાજસ્થાન) નામનો યુવક દાંતીવાડા ખાતે હાઈવે પર આવેલ ઉમા પેપર મિલમાં મજૂરીકામ અર્થે આવેલ હતો અને છેલ્લા કેટલાક સમયથી પેપર મિલમાં જ રહેતો હતો અને ત્યાં મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. દરમ્યાન ગતરોજ આ યુવક ઉમા પેપર મિલમાં ઠલવાતા વેસ્ટ કચરા પર સૂતો હતો તે વખતે ટ્રેક્ટરનું લોડર મશીન કચરો ઉપાડવા માટે આવતા મજૂર ન દેખાતા મશીન ચલાવનાર ઈસમે કચરાની સાથે આ યુવકને પણ મશીનમાં ઉઠાવી લેતા યુવકે બૂમાબૂમ કરી મુકી હતી અને તેને મશીનથી ગંભીર ઈજાઓ થતા ત્યાં જ દમ તોડી દીધો હતો. આથી યુવકના મૃતદેહને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પોલીસ પણ દોડી આવી હતી અને બનાવ સંદર્ભે ફરીયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

આમ, દાંતીવાડા નજીક આવેલી ઉમા પેપર મિલમાં કચરો ઉપાડવા આવેલ લોડર મશીનના ચાલકે મજૂરની દુનિયામાંથી ઉઠાવી લેતા તેના પરીવારજનોમા ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે ત્યારે લોડર મશીનના ચાલકની પણ અહી બેદરકારી છતી થવા પામી છે તેમજ ફેક્ટરી સામે પણ સવાલ ઉઠ્યા છે.